# શમણાંની ખેતી

: લેખક :
લાભુભાઈ ટી. સોનાણી (ઝગમગ)



: લેખક :
લાભુભાઈ ટી. સોનાણી (ઝગમગ)
મો. ૯૩૭૬૬૮૮૫૮૪
: મુદ્રક :
રત્ના પ્રિન્ટર્સ, ભાવનગર
: પ્રકાશક :
રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જીલ્લા શાખા અને
શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા ભાવનગર
: પ્રથમ આવૃત્તિ :
તા.૧૮ નવેમ્બર ૨૦૨૫, મંગળવાર
શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા ખાતે
જિલ્લાની આશા વર્કર બહેનોનાં મહા સંમેલન પ્રસંગે
: પ્રત :
૨૦૦૦
: પ્રાપ્તિ સ્થાન :
શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા
નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર ભાવનગર
ફોન નં.૦૨૭૮ ૨૪૨૩૯૧૭, મો.૯૭૨૭૨૭૧૮૭૪

**Website: - www.ltsonani.com**
**www.kkblindschool.org**
**Email:-Ltsonani@gmail.com ,**
**kkbsbhavnagar@gmail.com ,**
**nabbhavnagar2@gmail.com**
**YouTubeChannel: -Shri Labhubhai T Sonani**
**Facebook Page: -Labhubhai T. Sonani**
**Instagram: Labhubhai T. Sonani**

## લેખકનાં અન્ય પ્રકાશન



**: લેખક :**

લાભુભાઈ ટી. સોનાણી (ઝગમગ)

(૧) જીવનનોધબકાર – મારી સ્મરણયાત્રા
(૨) સંવેદનાની શોધ
(૩) વિકલાંગતા વિધેયક ૨૦૧૬નો સંક્ષિપ્ત અનુવાદ
(૪) ઉપવન
(૫) અનુભવની ઘટમાળ
(૬) અનુભવનો ઉજાસ
(૭) લાગણીનો દસ્તાવેજ
(૮) યાત્રાનો આનંદ
(૯) ઉમંગ
(૧૦) દિવ્ય દૃષ્ટિનાં અજવાળાં

આજની ઘડી છે રળિયામણી,
સૌને મળવાની પળ છે સોહામણી
આજની ઘડી છે રળિયામણી,
સ્નેહનાં તોરણ તે હૈયા બંધાવીએ,
ઉર,ઉમંગનાં વાજા વગાડીએ રે,
આજની ઘડી છે રળિયામણી.

મારે આપ સૌને માયાની મેડી અને લાગણીનું ખેતર આપીને જવું છે. દિવ્યાંગ વ્યક્તિનાં શિક્ષણ, રોજગાર, તાલીમ અને પુનર્વસન ક્ષેત્રે ભાવનગર જિલ્લાને આપણે સૌએ સાથે મળી દેશનો આદર્શ જીલ્લો બનાવવો છે. દિવ્યાંગ વ્યક્તિનાં સપના પુરા કરવા સાથે મળી આપણે સૌ અભિયાન ચલાવીએ. નવી તૈયાર થઈ રહેલી અવાજની દુનિયાની રંગોળીમાં ભીતરનાં ભાવની પીછી વડે સાથે મળી રંગો પુરીશું. તૈયાર થયેલી અનોખી દુનિયાનું ચિત્ર કેવું હશે ? ચાલો એ ભૂમિની કરીએ ખોજ.

જયારે કોઈ ભૂમિ પર માનવ સમુદાયનો વસવાટ થાય છે ત્યારે તેને કોઈ ચોક્કસ નામ આપવામાં આવે છે. તેનું નામ ગામ, તાલુકો, જીલ્લો કે રાજ્ય હોઈ શકે. માનવ સમુદાયને જયારે કોઈ જરૂરિયાત ઉભી થાય છે ત્યારે આવા નામની ઓળખ તેને મળે છે. વિધિવત તેનું સંચાલન થાય તેવી વ્યવસ્થા ગોઠવાય છે. જેમાં મુખ્યત્વે બે તત્વો હોય છે. (૧) માનવીય તત્વ અને (૨) ભૌતિક તત્વ. માનવીય તત્વમાં વિવિધ માનવ સમુદાય આવે જયારે ભૌતિક તત્વમાં રોડ,રસ્તા,પરિવહનને લગતી સુવિધાઓ તેના સંચાલન માટેનું કાર્યાલય, શાળાઓ – કોલેજોવેગેર આવે.

આ બન્ને તત્વ મળી ગામ, શહેર, તાલુકો કે જીલ્લો બને.આજે આપણે ભાવનગર જીલ્લાની વાત કરીશું.
ભાવનગરની સ્થાપના ૭ મેં ૧૭૨૩માં થઈ હતી. ત્યારથી લઇ ભાવનગરનું એક યાં બીજી રીતે દેશના ખૂણે ખૂણે નામ બોલાતું રહ્યું છે. ત્યારે ત્યારે ગૌરવ આપવા આપણે દિવ્યાંગ વ્યક્તિઓનાં શિક્ષણ, રોજગાર, તાલીમ અને પુનર્વસન ક્ષેત્રે આગવી ઓળખ મળે તેમજ સમગ્ર દેશમાં દિવ્યાંગ વ્યક્તિઓનાં પુનઃસ્થાપન ક્ષેત્રે આપણોજીલ્લો વર્ષો સુધી આદર્શ જીલ્લો બની રહે તે દિશામાં આપણે સાથે મળી કામ કરવાનું છે.

દુનિયાનાં અન્ય દેશોમાં દિવ્યાંગ લોકોને જે સગવડો, સાધનો કે વિશિષ્ટ નિયમોનો લાભ મળે છે તે બધાથી ઉપર ઉઠીને દિવ્યાંગ વ્યક્તિનાં અંતરનો અવાજ સૌ કોઈ સાંભળી શકે એ દિશામાં સમાજ નવરચનાનું બીજ રોપવા સાથે મળી અભિયાન ચલાવીએ.કાયદા કરતા દિવ્યાંગ વ્યક્તિનાં અંતરનું કંપનવધુ મહત્વનું છે. કોઈપણ નિયમનો લાભ અદનાં વ્યક્તિને કઈ રીતે આપી શકાય તેવી હકારાત્મક દ્રષ્ટિનાં દ્વાર ખોલવા આ નાનકડી પુસ્તિકા આપના હાથમાં મુકીએ છીએ. નિયમો – ઉપનિયમો કે કાનૂની જોગવાઈઓ વ્યક્તિના માર્ગદર્શન માટે હોય છે આ વાત સમજી દિવ્યાંગતાનાં ક્ષેત્રે આપની સમાજની જ્યોત પ્રગટાવી તેનો પ્રકાશ પાથરશો તેવી મને શ્રદ્ધા છે.જેને યોજનાઓનો લાભ આપવા યજ્ઞ પ્રજવલિત કરવામાં આવ્યો છે. તેવા દિવ્યાંગ વ્યક્તિઓની પણ કેટલીક વિશેષ જવાબદારીઓ બને છે. જે યોજનાનો લાભ તેને લેવાની જરૂર નથી. તેવી

યોજનાઓની પ્રતીક્ષાયાદીમાં કે લાઈનમાં ગોઠવાઈને જરૂરિયાતમંદ વ્યક્તિનાં કાર્યને બાધક બનાવવાના બદલેતેનો ત્યાગ કરી લાભાર્થીનાં કલ્યાણની જ્યોતમાં દીવેલ પુરીએ.દિવ્યાંગ વ્યક્તિનાં સપનાંની રંગોળીમાં આપણા કર્મ દ્વારા રંગો પૂરી તેની શોભા વધારીએ.

૧૫ માર્ચ ૨૦૧૭ માં આ યજ્ઞમાં શાળા–કોલેજના વિદ્યાર્થીઓને જોડવા સંવેદના સેતુ અભિયાન શરુ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વિવિધ શાળા કોલેજોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરવામાં આવી રહ્યો છે. આ કાર્યને વધુ વેગ મળે તેવા ઉદ્દેશથી ૭ મે ૨૦૧૯નાં રોજ સંવેદના સોસાયટીની રચના કરવામાં આવી. દિવ્યાંગ ભાઈ–બહેનોનાં પુનર્વસનનાં કાર્યને વેગ આપવા જિલ્લાની શાળા–કોલેજોમાં સંવેદના સોસાયટીની રચના કરવામાં આવે છે. જેમાં સાત વિદ્યાર્થી, બે શિક્ષક અને આચાર્ય મળી કુલ દસ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવે છે. આ સોસાયટીનાં સભ્યો દિવ્યાંગ વ્યક્તિઓનાં શિક્ષણ, રોજગાર અને પુનર્વસનનાં કાર્યને વેગ આપવા અને તેના પ્રસાર પ્રચાર માટે કામ કરે છે. જેની માર્ગદર્શિકા આ સાથે મુકવામાં આવેલ છે.



# હેતુ

આ ત્રીસ્તરીય ફોરમ–

૧. સેવા તમારે બારણે કાર્યક્રમ અંતર્ગત વિકલાંગ બાળકોનું શિક્ષણ, તાલીમ, પુનઃસ્થાપન, આરોગ્ય અને સામાજિક કલ્યાણનાં કાર્યક્રમને લગતી કામગીરી કરશે.

૨. કૌટુંબિક તેમજ સામાજિક પ્રશ્નોમાં મદદ કરશે.

૩. સરકારી સવલતો મળવાપાત્ર હોય તેવી અપાવવા કાર્યવાહી કરશે.

૪. શિક્ષણથી વંચિત બાળકોનું સર્વેક્ષણ અને શોધ.

૫. મળી આવેલ બાળકોને શાળા પ્રવેશ – જે તે વિકલાંગતા મુજબ તેને ખાસ શાળા અથવા સામાન્ય શાળામાં પ્રવેશ અપાવવા કાર્યવાહી કરશે.

૬. અભ્યાસ કરતા વિકલાંગ બાળકોને લહિયા કે અન્ય સવલતની જરૂર હોઈ ત્યારે સોસાયટી તેમના સોર્સ દ્વારા તે સેવાઓ પ્રદાન કરવા મદદ કરશે.

૭. નેશનલ ફ્લેગ–ડે ઉજવણી અંતર્ગત ફંડ એકત્રીકરણ અને જન જાગૃતિ ઝુંબેશ ચલાવશે.



# સંવેદના સોસાયટી – ત્રિસ્તરીય ફોરમ

## આમુખ

સમ્મિલિત સમાજના નિર્માણ માટે આપણા પ્રયાસોની ક્ષિતિજો વિસ્તારવાના ઉદ્ધેશ સાથે – શારીરિક પડકારો સાથે જીવતાં દિવ્યાંગ જનોનાં સર્વગ્રાહી વિકાસમાં પ્રત્યેક વય, વર્ગ અને સમૂહના ભાઈ બહેનોને સામેલ કરી સહિયારી સમજ અને સજ્જતાનાસકારાત્મક વિનિયોગ અને સંવાદના આદાન પ્રદાન થકી 'લોક ભાગીદારી' અને 'લોકશક્તિ' નો વાજ બનવાનો એક પુણ્યયજ્ઞ

એટલે

સંવેદના સોસાયટી

-----------------------------------------------------.

અનુરોધ

“સાથે મળીને ચાલીએ,સહુના જીવન અજવાળીએ”



# સંવેદના સોસાયટી બંધારણ અને નિયમો

1. કોઈપણ જાતના જ્ઞાતિ–જાતિ કે ધર્મના ભેદભાવ વિના પ્રજ્ઞાચક્ષુઓ અને અન્ય પ્રકારની ક્ષતિ ધરાવતા લોકો માટે સેવા તમારે બારણે અંતર્ગત શિક્ષણ, તાલીમ, રોજગાર અને પુનઃસ્થાપનની સેવાઓ આવા વર્ગને મળી રહે તે માટે મદદ કરશે.

૨. કૌટુંબિક તેમજ સામાજિક પ્રશ્નોમાં મદદ કરશે.


3. સરકારી સવલતો મળવાપાત્ર હોય તેવી અપાવવા કાર્યવાહી કરશે.

૪. શિક્ષણથી વંચિત બાળકોનું સર્વેક્ષણ અને શોધ કરી તેને લગતી સેવાઓ પૂરી પાડશે અથવા મદદ કરશે.

5. શાળા પ્રવેશ–જે તે વિકલાંગતા મુજબ તેને ખાસ શાળા અથવા સામાન્ય શાળામાં પ્રવેશ આપવા કાર્યવાહી કરશે.

૬. અભ્યાસ કરતા વિકલાંગ બાળકોને લહિયા કે અન્ય સવલતની જરૂર હોય ત્યારે સોસાયટી તેમના સોર્સ દ્વારા તે સેવાઓ પ્રદાન કરવા મદદ કરશે.

૭. નેશનલ ફ્લેગ–ડે ફંડ એકત્રીકરણ અને જનજાગૃતિ ઝુંબેશ ચલાવશે અને એકત્રિત થયેલ ભંડોળ પ્રજ્ઞાચક્ષુઓના સર્વાંગી વિકાસ માટે રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખામાં જમા કરાવશે.



## નિયમો:

સંવેદના સોસાયટીનું માળખું ત્રિસ્તરીય રહેશે.(અ) શાળા-કોલેજ કક્ષાનું ફોરમ(બ)તાલુકા કક્ષાનું ફોરમ(ક)જિલ્લા કક્ષાનું ફોરમ – આમ સંવેદના સોસાયટીનું ત્રિસ્તરીય ફોરમ રહેશે.

સમજૂતી (૧) શાળા-કૉલેજ કક્ષાનું સ્થાનિક માળખું: આચાર્ય હોદ્દાની રૂએ અધ્યક્ષ-૧, ઉપાધ્યક્ષ-૧, શિક્ષક અથવા એન.એસ.એસ./ એન.સી.સી. પ્રોગ્રામ ઓફિસર, આયોજન અને સંકલન માટે કન્વિનર-૧ શિક્ષક, સભ્ય વધુમાં વધુ ૯ જેમાં શિક્ષક ઉપરાંત વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકશે.

તાલુકા કક્ષાનું ફોરમ: તાલુકા વિસ્તારમાં આવેલી અને જ્યાં સંવેદના સોસાયટીની રચના થઈ હોય તેવી શાળા-કૉલેજના આચાર્ય (અધ્યક્ષ )તાલુકા કક્ષાએ રચાયેલ સંવેદના સોસાયટીના હોદ્દાની રૂએ સભ્ય ગણાશે. જેમાં અધ્યક્ષ-૧, ઉપાધ્યક્ષ -૨, કન્વિનર-૧, સહ કન્વિનર-૨ અને અન્ય સભ્યો મળી કુલ-૧૨સભ્યોનુંફોરમ રહેશે. આમાં વિદ્યાર્થીનો સમાવેશ કરવાનો નથી.

જિલ્લા કક્ષાનું ફોરમ: તાલુકાના અધ્યક્ષ અને કન્વીનર જિલ્લા કક્ષાએ હોદ્દાની રૂએ સભ્ય ગણાશે. તેઓ જિલ્લા કક્ષાની દરેક બેઠકમાં ભાગ લઈ શકશે. તેમજ તેઓ ઈચ્છે તો પોતાના પ્રતિનિધિને આવી બેઠકમાં મોકલી શકશે. પરંતુ આ પ્રતિનિધિ તાલુકા ફોરમનો સભ્ય હોવો અનિવાર્ય છે. જિલ્લા કક્ષાનું ફોરમ નીચે મુજબ રહેશે.

અધ્યક્ષ-૧, ઉપાધ્યક્ષ-૩, કન્વિનર-૧, સહ-કન્વીનર-૩

સંવેદના સોસાયટી સ્વાયત રીતે કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના નેતૃત્વ નીચે કામ કરશે. જેની કોઈ અલગ ઓફિસ કે વહીવટીપાંખ સીધી રીતે શરૂ કરવામાં આવશે નહીં. પરંતુ વહીવટી બાબતો જે તે ફોરમ પોતાની રીતે ઉકેલી શકશે. જેનું કોઈ અલગ નાણાંકીય ભંડોળ ઊભું કરવામાં આવશે નહીં. પરંતુ વહીવટી ખર્ચ માટે જરૂર પડ્યે સંસ્થા તે ખર્ચ વહન કરશે. આ બોડી સંપૂર્ણ સેવાભાવ અને વિકલાંગોના કલ્યાણ માટે બનાવવામાં આવે છે. જેમાં આર્થિક લેતીદેતીને કોઈ અવકાશ નથી.

સભ્યની નિમણૂક કે બોડીમાં ફેરફાર માટે કોઈ ચૂંટણી કે કોઈ રીતિનીતિ અપનાવવામાં આવશે નહીં પરંતુ સ્વેચ્છાએ સૌની સંમતિથી ફોરમમાં ફેરફાર થઈ શકશે.

તાલુકા કે જિલ્લા કક્ષાના ફોરમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સભ્ય તરીકે સમાવેશ થઇ શકશે નહીં. પરંતુ ઉપર જણાવેલી તમામ સેવાઓમાં વિદ્યાર્થીઓને જોડી શકાશે.

ફોરમની કોઈ પણ કામગીરીમાંકોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં જિલ્લા ફોરમ દ્વારા જે માર્ગદર્શન આપવામાં આવે તે મુજબ કરવાનું રહેશે.

***

જિલ્લાની શાળા–કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ વહીવટી પાંખનાં અધિકારીશ્રીઓ, આરોગ્ય ક્ષેત્રે ફરજ બજાવતા તબીબી મિત્રો, દાતાશ્રીઓ, શુભેચ્છકો, આશા વર્કર બહેનો અને ગ્રામજનોને મારી સમજણ અને અનુભવમાંથી જે

અમૃત પ્રાપ્ત થયું છે તેનું ચરણામૃત અર્પણ કરવા આ પુસ્તિકા આપને માર્ગદર્શન આપશે.

શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા અને રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જીલ્લા શાખા આ અભિયાનનું જનરેટર બની દિવ્યાંગ વ્યક્તિઓની યોજનાઓને વેગ આપવા ઉર્જા પૂરી પાડશે. હું માનું છું જીવન એક સ્વપ્ન છે. ચિંતકો તેને શણભંગુર પણ કહે છે. દુઃખ કે સુખ એક ક્ષણનાં મહેમાન છે. તે જીવનકાળમાં કદી કાયમ રહેતા નથી તેથી તેની માયાજાળમાં પડ્યા વિના અન્ય વ્યક્તિનાં કલ્યાણ માટે જીવનની પળો માણવી એ જ સાચું ડાહપણ છે. જિલ્લાનાં અંતરિયાળ વિસ્તારમાં વસતા પ્રજ્ઞાચક્ષુ અને અન્ય ક્ષતિગ્રસ્ત બાળકો અને વયસ્કોને પુનઃસ્થાપનની સેવા ઘર આંગણે મળી રહે તેવો રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જીલ્લા શાખાનો સતત પ્રયાસ રહે છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં પ્રત્યેક વિકલાંગ વ્યક્તિઓને સરકારની તમામ યોજનાઓનો લાભ મળી રહે તેમજ તેમના સર્વાંગી વિકાસ માટે સમાજનો ટેકો મળે તે આ સંસ્થાનો ઉદ્દેશ છે.સંસ્થા દ્વારા પ્રજ્ઞાચક્ષુઓના સર્વાંગી વિકાસ માટે અવનવા પ્રોજેક્ટ હાથ પર લઈ ૧૯૮૪ થી અવિરત રીતે કાર્ય થઈ રહ્યું છે.૧૯૮૪થી ૧૯૯૦નાં દાયકા સુધી અંધજનોના સર્વે અને તેના પુનઃસ્થાપન માટે વિવિધ પ્રોજેક્ટો અમલમાં હતા. વર્ષ ૧૯૯૦ પછી અંધત્વ નિવારણ અંતર્ગત મોતિયાનાં ઓપરેશન, ચશ્માનું વિતરણ, વિટામીન–એ ડોઝનું વિતરણ જેવા ઘણાં મહત્વપૂર્ણ કાર્યો સંભાળી સંસ્થાએ અંધત્વ નિવારણ ક્ષેત્રે અદ્વિતીય સફળતા

મેળવી છે. ૯૦ નાં દાયકામાં ૩૦૦૦ થી વધુ મોતિયાની સર્જરી, ૧ લાખથી વધુ બાળકોને વિટામીન – એ ડોઝનું વિતરણ તેમજ ૨૦,૦૦૦ થી વધુ ચશ્માનું વિતરણ કરી અંધત્વ અટકાયત ક્ષેત્રે મહત્વપૂર્ણ સફળતા મેળવી હતી.

શિક્ષણ થી વંચિત નેત્રહીનો, શ્રવણમંદ , સેરીબલ પાલ્સી, માનસિક પછાત તેમજ હલનચલનની વિકલાંગતા ધરાવતા બાળકોને શિક્ષણની સેવા નીચે આવરી લેવા સંકલિત શિક્ષણ તેમજ વર્ષ ૨૦૦૯થી સંમલિત શિક્ષણ યોજના નીચે ૧૮૦૦ થી વધુ બાળકોને સેવાઓ પૂરી પાડી હતી. આ ઉપરાંત વિકલાંગોના સર્વાંગી વિકાસ અને પુનઃસ્થાપનના કાર્યોને પહોંચી વળવા ૧૯૯૬ થી ૨૦૧૦ દરમિયાન કોમ્યુનિટી બેઈઝ, રીહાબીલીટેશન (**CBR**) જેવા મહત્વપૂર્ણ કાર્યક્રમ ચલાવી ઘોઘા, તળાજા, મહુવા, વલ્લભીપુર, બોટાદ, પાલિતાણા, ગારીયાધાર, શિહોર, ભાવનગર શહેર જેવા જિલ્લાના વિસ્તારમાં ડોર ટુ ડોર વિકલાંગોનો સર્વે કરી સમુદાય આધારીત પુનઃસ્થાપનની સેવાઓ પૂરી પાડેલ છે.

શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળામાં બાલવાટિકા થી ધો.૧૨ સુધીનું શિક્ષણ રાજ્ય કે રાજય બહારનાં પ્રવેશ પામતા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા જમવાની સગવડ સાથે આપવામાં આવે છે. શિક્ષણની સાથોસાથ તાલીમી અભ્યાસક્રમો જેવા કે કોમ્પ્યુટર, સંગીત, હોમ સાયન્સ ઉપરાંત નાનીમોટી ગૃહઉદ્યોગને લગતી તાલીમ આપવામાં આવે છે. જેવી કે મીણબતી, અગરબતી, પેપરબેગ, ગૃહ સુશોભનની વિવિધ

ચીજવસ્તુઓ, ગરબા, રાખડી વેગેરે તૈયાર કરવાની તાલીમ આપવામાં આવે છે.

ભાવેણાના નામથી પ્રખ્યાત એવા ભાવનગર સ્ટેટના પુણ્ય શ્લોક પ્રજાવત્સલ મહારાજાશ્રી કૃષ્ણકુમારસિંહજીની અસીમ કૃપાથી વર્ષ ૧૯૩૨માં અસ્તિત્વમાંઆવેલી શાળા વર્ષ ૧૯૯૯થી શ્રી લાભુભાઈ સોનાણીનાં નેતૃત્વ નીચે ઉત્તરોતર સિદ્ધિ મેળવી રહી છે.

•**નિઃશુલ્ક શિક્ષણ અને તાલીમ :–**પ્રતિવર્ષ સમગ્ર રાજ્યમાંથી આવતા સરેરાશ ૧૫૦થી વધુ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી ભાઈઓ–બહેનોને ભોજન અને છાત્રાલયની સુવિધા સાથે નિઃશુલ્ક શિક્ષણ અને તાલીમ આપી પગભર બનાવવામાં આવે છે.

•**બ્રેઈલ અને ઓરિએન્ટેશન :–** અહીં બ્રેઈલ લેખન, વાંચન અને હલન–ચલનતેમજ વસ્તુની ઓળખ પરિચયકરાવવામાં આવે છે.

•**શિક્ષણ :–** અહીબાલવાટિકા થી ધો.૧૨ સુધીનું શિક્ષણ સ્પર્શગમ્ય સાધનો, વિવિધ ટોકિંગ અને શ્રાવ્ય સાધનો દ્વારાવૈજ્ઞાનિક અભિગમ સાથે આપવામાં આવે છે. શિક્ષણની અવનવી સંકલ્પનાઓ સ્પષ્ટ કરવા માટે અહી આધુનિક સાયન્સ લેબ ઉપલબ્ધ છે.

•**સંગીતશિક્ષણ :–** અહીં ગાયન, વાદન સહીત પ્રારંભિક થી વિશારદ સુધી સંગીતનું શિક્ષણ આપવામાં આવે છે.

•**નિષ્ઠા હૉમ સાયન્સ સેન્ટર:–** પ્રજ્ઞાચક્ષુ દીકરી ઓને પગભર બનાવવા તેમજ તેઓ સફળ ગૃહિણી તરીકે પરીપક્વ બને તેવા

હેતુસર રસોઈ અને ગૃહ સુશોભનની તાલીમ આપવામાં આવે છે.

• **ડિઝીટલ બ્રેઈલ એજ્યુકેશન સ્માર્ટ ક્લાસ :–** થીન્કર બેલ લેબ દ્વારા આવિષ્કાર પામેલ "એની" ડિવાઈસથી બાળકોને રમત જેવા ફૉર્મેટમાં બ્રેઈલ, વાંચન, ટાઈપિંગ, શબ્દભંડોળ અને જોડણી શીખવવામાં આવે છે.

• **કોમ્પ્યુટર :–** સંસ્થાના વિદ્યાર્થીઓને સ્પેશ્યલ ટોકિંગ સોફ્ટવેરની મદદથી કોમ્પ્યુટરનું શિક્ષણ આપવામાં આવે છે.

• **તાલીમ અને ઉત્પાદન કેન્દ્ર :–** વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનાવવા મીણબત્તી, અગરબત્તી, પેપર બેગ, પેપર ડીશ જેવી ગૃહ ઉપયોગી ચીજવસ્તુઓ અને ગરબા, રાખડી, ગૃહ સુશોભનમાં વપરાતી ચીજવસ્તુઓ તૈયાર કરવાની તાલીમ આપવામાં આવે છે.

• **ચિલ્ડ્રન પાર્ક :–** પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે ઊર્મિના ભાવો સાથે આનંદ ઉઠાવવા અહીં ચિલ્ડ્રન પાર્ક ઉપલબ્ધ છે.

• **સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર :–** વિદ્યાર્થીઓમાં કૌશલ્યોને વિકસાવવા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરમાં વિવિધ પ્રકારના સેમિનારોનું આયોજન કરવામાં આવે છે.

• **સામાજીકરણ :–** પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓને સમાજની મુખ્ય ધારામાં સમાવવા વિવિધ પ્રદર્શનો,સાંસ્કૃતિક કાર્યક્રમો,યોગ, રમત–ગમત વિવિધ રાષ્ટ્રીય અને ધાર્મિક તેહેવારોની ઉજવણી જેવી સહ અભ્યાસક પ્રવૃત્તિઓનું શિક્ષણ આપવામાં આવે છે.

• **બ્રેઈલ ગ્રંથાલય :–** રાજ્યભરમાં વસતા પ્રજ્ઞાચક્ષુ વાચકોને નવલકથા, નવલિકા, ટૂંકી વાર્તા, નાટકો અને માહિતીપ્રદ

પુસ્તકો ભારતીય પોસ્ટ વિભાગની મદદથી પહોંચાડવામાં આવે છે.

• **બ્રેઈલ પ્રેસ :–** પ્રજ્ઞાચક્ષુ વાચકો માટે અભ્યાસક્રમ અને ઈતર વાંચનના પુસ્તકો બ્રેઈલમાં ઉપલબ્ધ બને તેવા હેતુથી શાળામાં અદ્યતન બ્રેઈલ પ્રેસનું નિર્માણ કરવામાં આવ્યું છે.

•**ધ્વની મુદ્રણ કેન્દ્ર :–** પુસ્તકોને ધ્વનીમુદ્રિત કરવા માટે અદ્યતન રેકોર્ડીંગ સ્ટુડિયો શરુ કરવામાં આવેલ છે.

• **છાત્રાલય :–** શાળામાં અભ્યાસ કરતા વિવિધ વયજૂથના કુમારો તેમજ કન્યાને અલગથી રહેવાની સગવડ પૂરી પાડવામાં આવે છે.

ચિલ્ડ્રન હાઉસ–૧, ચિલ્ડ્રન હાઉસ–૨, કુમાર છાત્રાલય–૧, કુમાર છાત્રાલય–૨ અને કન્યા છાત્રાલય

• **ભોજનાલય :–** અહી શાળાનાં ડાઈનિંગ હોલમાં બે વખતનું ભોજન અને નાસ્તો વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

• **ફીઝીયો થેરાપી સેન્ટર :–** સંસ્થા દ્વારા રાહતદરે ફીઝીયો થેરાપી સેન્ટર ચલાવવામાં આવે છે જેમાં આધુનિક ફીઝીયો ટ્રીટમેન્ટ પદ્ધતિથી દર્દીઓને સારવાર આપવામાં આવે છે. `

• **ગૌરવ :–** રાજ્યની ૧૧હજાર સમધારણ શાળાઓમાંથી શાળાએ શ્રેષ્ઠ શાળા તરીકેનો એવોર્ડ, રાષ્ટ્રપતિ એવોર્ડ જેવા રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની સિદ્ધિ મેળવી ખુબ જ નામના મેળવી છે. આ ઉપરાંત છેલ્લા અઢી દાયકાથી ધોરણ–૧૦ અને ધો–૧૨નું પરિણામ ૧૦૦ ટકા આવી રહ્યું છે.

ખરેખર ભાવનગર ખાતે ચાલતી આ સંસ્થામાં નેત્રહીન

બાળક હજારો નિરાશાના અંધકાર સાથે પ્રવેશ મેળવે છે પરંતુ જ્યારે શાળામાંથી બાળક પરિપક્વ બની આમ સમાજમાં પ્રવેશે છે ત્યારે ખરેખર ઘસાયેલા હીરા જેવું તેજવંતુ અલભ્ય આભુષણ બની, સમાજમા પોતાનું યોગદાન આપવા સક્ષમતા સાથે નવી શરૂઆત કરે છે.આ પરથી જ કહી શકાય કે આ સંસ્થા માત્ર રાજ્યનું જ નહીં પણ વિકલાંગતા ક્ષેત્રે દેશનું નજરાણું બનેશે તે વાત નક્કી છે.

જીવનરૂપી ટ્રેનમાં હું અને તમે યાત્રા કરી રહ્યા છીએ. દરેક વ્યક્તિ પોતાની જ ટ્રેનનો ડબ્બો છે. સંસારની પટરી પર દોડતી આ ટ્રેન તેના ગંતવ્ય સુધી પહોંચે ત્યાં સુધી રસ્તામાં આવતા સ્ટેશનો અને મળતી સગવડનો વૈભવ પામી સુખની અનુભૂતિ કરવાની છે. કેટલાંકની ટ્રેન નેરોગેજ પટરી પર દોડે છે. કેટલાંકની મીટર ગેજ તો કેટલાંકની બ્રોડગેજ પર. આપણી ટ્રેન હંમેશા બ્રોડગેજ પર દોડતી રહે તે માટે જેમના શારીરિક કે ઈન્દ્રિયગત પડકારો આપી ઈશ્વરે પૃથ્વી પર મોકલ્યા છે. તેની સહાય કરી ઈશ્વરની સૃષ્ટિને દિપાવવા આપણી કર્મપુંજી કમાઈએ એ જ સૃષ્ટિનો સાચો સંદેશ છે.

બંધ આંખોમાં થોડા જોયા છે સપનાં,
લાગણીનાં ખેતરમાં મમતાનાં વાવ્યા છે છોડ,
ભાવેણાની ભાગોળે મળવાના જાગ્યા છે કોડ,
ઉરના આંગણે આજ આનંદનો વાગે છે ઢોલ,
મનના માંડવે રાંધ્યા છે મીઠાં ભોજ,
પ્રજ્ઞાનાં પ્રાંગણમાં 'ઝગમગ' ચાલે છે અનોખી ખોજ.

**લાભુભાઈ ટી. સોનાણી**
**ચીફ ઓર્ગેનાઈઝર**

# નોંધ

## સંસ્થાની બેંક એકાઉન્ટ ડીટેઈલ

**શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા**

A/C Name: - KKSchool And Home for the Blind
A/C No: - 67750100009456
IFSC Code:- BARB0VJBHAV(Fifth Character is ZERO)
Bank Name: - Bank of Baroda,
Waghawadi Branch, , Bhavnagar

**રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જીલ્લા શાખા**

**A/C Name: - National Association for the Blind**
**A/C No: -67750100011100**
**IFSC Code :- BARB0VJBHAV(Fifth Character is ZERO)**
**Bank Name: - Bank of Baroda, Waghawadi Branch, Bhavnagar**




R@tna2025

